# સુરેન્દ્રનગર જિલ્લામાં વેસ્ટ-લેન્ડ સોલર પ્રોજેકટ

**(૧) સબ સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં સૌર ઊર્જાના પ્રોજેકટ કરવાની યોજના શું છે? આ યોજનાના ઉદ્દેશ શું છે? તથા**

**- સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાપિત કરવામાં આવેલા ખાંડિયા સોલાર પ્રોજેક્ટ દ્વારા કેટલા સબસ્ટેશનોના કેટલા ખેતીવાડી ફીડરોમાં દિવસે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે અને કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને લાભ મળે છે?**

માનનીય ધારાસભ્યશ્રી – શામજીભાઇ ચૌહાણ

## જવાબ

- ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા ભારત વર્ષનું ગૌરવ એવા લોકનાયક માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૨૪X૭ થ્રી ફેઝ વીજ પુરવઠો આપવાનું વિઝન હતું અને તે ૧૮ વર્ષ પહેલા જ્યોતિ ગ્રામ યોજના (JGY) હેઠળ અમલમાં મૂકવામાં આવ્યું. ગ્રામીણ વિસ્તારોમાં ૨૪X૭ વીજ પુરવઠો આપનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાનું વિઝન ધરાવતા હતા. ૨૦૧૦માં સોલર પોલીસીને જાહેર કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હતું. છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતની રિન્યુએબલ ક્ષમતા ૨૨.૫ ગીગાવોટ જેટલી વધી છે. હાલમાં, ભારતની RE બાસ્કેટમાં ગુજરાતનો ફાળો લગભગ ૧૫% છે.
- માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત દ્વારા ૫૦૦ ગીગાવોટ ક્ષમતાની રિન્યુએબલ એનેર્જીનો નિર્ધાર કરેલ છે , જેમાં ગુજરાત દ્વારા ૧૦૦ ગીગાવોટ ક્ષમતાની રિન્યુએબલ એનેર્જીનો ફાળો આપવાનું આયોજન છે. તાજેતરમાં રાજ્યએ સંકલિત RE Policy ઘડી છે. આ પોલીસીમાં, ગુજરાતની બહાર વીજળીની નિકાસ માટે કોઈપણ ચાર્જ વગર પરવાનગી આપી છે.

- ભારતના ૨૦૭૦ સુધીમાં ”નેટ જીરો કાર્બન ના આયોજનમાં“ગુજરાત ઘણું આગળ વધ્યું છે અને ગુજરાત ૨૦૪૭ સુધીમાં નેટ જીરો કાર્બન થઇ જાય તેવું આયોજન છે.
- હયાત સબસ્ટેશનની બાજુની ખરાબાની પડતર જમીન કે જેનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ થઈ શકે તેમ ન હોય તેવી જમીનમાં સૌર ઊર્જા આધારિત પ્રોજેકટ સ્થાપીને આ સૌર ઊર્જા આધારિત પ્રોજેકટને નજીકના સબસ્ટેશન સાથે જોડવામાં આવે તો આ પ્રોજેકટની વીજળી દ્વારા તે સબસ્ટેશન માંથી નીકળતા ખેતીવાડી ફિડરો પર દિવસ દરમ્યાન પૂરતા વૉલ્ટેજ સાથે ગુણવત્તાયુક્ત વીજળી પણ આપી શકાય.
- વીજ ઉત્પાદન કરતા પાવર સ્ટેશન રાજ્યમાં અલગ અલગ જગ્યાએ આવેલા છે. આ પાવર સ્ટેશનથી સબસ્ટેશન સુધી ટ્રાન્સમિશન વીજ લાઇન દ્વારા પાવર લઈ જવામાં આવે છે. આથી પાવર સ્ટેશનથી સબસ્ટેશન સુધીની વીજ લાઇનમાં પાવર લોસ થતો હોય છે તેમજ વીજ લાઇન લાંબી હોય ત્યારે પૂરતા વૉલ્ટેજ મળવામાં તકલીફ પડે છે આ ઉપરાંત સબસ્ટેશન સુધીની વીજ લાઇન ક્યારેક ખેડૂતોની ઉપજાઉ જમીન પરથી પસાર કરવાની પણ થાય છે.
- આમ બિન ઉપયોગી પડતર જમીનનો ઉપયોગ,વીજ લાઇનનો પાવર લોસ અને ખેડૂતોને દિવસે પાવર તેવા ત્રિવિધ ઉદ્દેશ સાથે એક નવતર અભિગમ અપનાવીને રાજયમાં આવા સૌર ઊર્જા પ્રોજેકટ સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે.
- સમગ્ર દેશમાં આ પ્રકારના સૌર ઊર્જા પ્રોજેકટ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.
- સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાપિત કરવામાં આવેલા ખાંડિયા સોલાર પ્રોજેક્ટ દ્વારા ૬૬ કે.વી. ખાંડિયા સબસ્ટેશનના ૪ ખેતીવાડી ફીડરોમાં દિવસે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે અને તેનો લાભ ૧૦૯૧ ખેડૂતોને મળે છે.

(૨) સબ-સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં સૌર ઊર્જાના પ્રોજેક્ટ કરવાને કારણે ખેડૂતોને શું ફાયદો થશે?

માનનીય ધારાસભ્યશ્રી – દુર્લભજીભાઈ દેથરિયા – ટંકારા

## જવાબ

- રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી પુરી પાડવા માટે મુખ્યત્વે બે બાબતો મહત્વની અને જરૂરી છે

(૧) હયાત વીજ માળખાનું અપગ્રેડેશન અને

(૨) દિવસ દરમ્યાનની વીજ માંગે સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન.

(૧) <u>હયાત વીજમાળખાનું અપગ્રેડેશન:</u>

રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી પુરી પાડવા માટે લોકલ એરિયાના હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને, પ્રવહન માળખાના સશક્તિકરણની જરૂરિયાત રહે છે. જેને માટે નવીન વીજ સબસ્ટેશનનો અને વીજ રેષાઓનું નિર્માણ કરવું જરૂરી છે.

(૨) <u>દિવસ દરમ્યાનની વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન:</u>

પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં કોલસો, ગેસ જેવા પરંપરાગત વીજ સ્ત્રોતની તંગી તેમજ તેની ઉપલબ્ધતા અને પરિવહનને લગતી વિવિધ સમસ્યાઓના વિકલ્પે બિનપરંપરાગત ઉર્જાનું મહત્તમ ઉત્પાદન જરૂરી બન્યુ છે. તેમાંય ખાસ કરીને સૌર ઉર્જા કે જે દિવસ દરમ્યાન ઉપલબ્ધ હોય છે અને તેથી સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન થકી ખેડૂતોને દિવસે વીજળી આપી શકાય છે. આવનારા દિવસોમાં જેમ જેમ સૂર્ય આધારિત વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે તેમ તેમ દિવસ દરમ્યાન સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા વધશે. આથી ગુજરાત રાજયમાં સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા શક્ય તેટલી વધારીને તે વીજળી ખેડૂતોને આપીને દિવસે વીજળી પૂરી પાડવાનું આયોજન છે.

- હયાત સબસ્ટેશનની બાજુની ખરાબાની પડતર જમીન કે જેનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ થઈ શકે તેમ ન હોય તેવી જમીનમાં સૌર ઊર્જા આધારિત પ્રોજેકટ સ્થાપીને આ સૌર ઊર્જા આધારિત પ્રોજેકટને નજીકના સબસ્ટેશન સાથે જોડવામાં આવે તો આ પ્રોજેકટની વીજળી દ્વારા તે સબસ્ટેશન માંથી નીકળતા ખેતીવાડી ફિડરો પર દિવસ દરમ્યાન વીજળી પણ આપી શકાય.
- ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે હયાત વીજમાળખાના અપગ્રેડેશન માટે પાવર સ્ટેશનથી સબસ્ટેશન સુધી કરવાની થતી ટ્રાન્સમિશન લાઇન ઊભી કરવામાં આવતા વિવિધ અવરોધને કારણે વિલંબ થવાની સંભાવના રહે છે જ્યારે સબસ્ટેશનની બાજુની ખરાબાની પડતર જમીનમાં સૌર ઊર્જા આધારિત પ્રોજેકટને કારણે બહુ જ ઓછી નવી ટ્રાન્સમિશન લાઇન ઊભી કરવાની થતી હોઈ ખેડૂતોને દિવસે વીજળી સત્વરે આપી શકાશે અને આમ ખેડૂતોને હયાત વીજ માળખામાં જ દિવસ દરમ્યાન પૂરતા વૉલ્ટેજ સાથે ગુણવત્તાયુક્ત વીજળી મળવાનો મોટો ફાયદો થશે.

(3) સુરેંદ્રનગર જિલ્લામાં સબ-સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં કરવામાં આવેલ સૌર ઊર્જાના પ્રોજેકટમાંથી તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું સૌર ઊર્જા ઉત્પાદન થયેલ છે.?

- સુરેંદ્રનગર જિલ્લામાં સબ-સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં અન્ય કોઈ બીજા સૌર ઊર્જા પ્રોજેકટનું આયોજન છે કે કેમ?
- જો હા, તો તેની સ્થાપિત ક્ષમતા કેટલા મેગા-વોટ છે?

માનનીય ધારાસભ્યશ્રી - પી.કે.પરમાર – દસાડા

## જવાબ

- સુરેંદ્રનગર જિલ્લામાં સબ-સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં કરવામાં આવેલ ખાંડિયા સૌર ઊર્જા પ્રોજેકટ તા. ૧૦.૦૮.૨૨ના રોજ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ માંથી તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૮૯ મિલિયન યુનિટ્સ સૌર ઊર્જા ઉત્પાદન થયેલ છે.

  (વર્ષ ૨૦૨૨ – ૨૮ મિલિયન યુનિટ્સ, વર્ષ ૨૦૨૩ – ૬૧ મિલિયન યુનિટ્સ, કુલ – ૮૯ મિલિયન યુનિટ્સ)
- સુરેંદ્રનગર જિલ્લામાં સબ-સ્ટેશનની નજીક આવેલ ખરાબાની પડતર જમીનમાં સાયલા ખાતે સૌર ઊર્જા પ્રોજેકટ કરવાનું આયોજન છે.
- સાયલા ખાતે સ્થાપિત થનાર આ સૌર ઊર્જા પ્રોજેકટની સ્થાપિત ક્ષમતા ૪૨ મેગા-વોટ છે.